અપીલ અરજી નં.૮૮ તા.૧૭–૭–૦૮

અરજદારઃ શ્રી કેતનભાઈ બળદેવભાઈ પટેલ
સામાવાળાઃ ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન

## ***હુકમ:–***

***વિષય :–*** આરટીઆઈ એકટ હેઠળ શ્રી કેતનભાઈ બળદેવભાઈ પટેલની તા.૧૭–૬–૦૮ ની અરજીથી રાંદેર સાતઘડિયા ખાતે (૧) મીનાબેન અશ્વિનભાઈનું નવું બાંધકામ પુર્ણ થયેલ છે જે પ્લાન પાસ છે કે કેમ? તેની નકલ તેમજ બી.યુ.સી મેળવેલ છે કે કેમ? તેની નકલ (૨) સતીશભાઈ બળવંતભાઈ અને એક અન્ય ત્રીજા ઘરનું બાંધકામ કરે છે. જે પ્લાન પાસ છે કે કેમ? તેની નકલ તથા બાંધકામ પ્લાન મુજબ થાય છે કે કેમ? (૩) આ વિસ્તારના આસી.ઈજનેર બાંધકામ વિભાગના હોય જેને છેલ્લા છ માસ દરમ્યાન કેટલી વખત આ વિસ્તારની મુલાકાત લીધી છે. અને તેની કામગીરીની વિગતની માહિતી બાબત.

***સંદર્ભ :–*** અરજદાર મજકુરની તા.૧૭–૭–'૦૮ ની અપીલ અરજી નં.૮૮/૨૦૦૮–૦૯

શ્રી કેતનભાઈ બળદેવભાઈ પટેલની તા.૧૭–૬–૦૮ ની અરજીથી (૧) મીનાબેન અશ્વિનભાઈનું નવું બાંધકામ પુર્ણ થયેલ છે જે પ્લાન પાસ છે કે કેમ? તેની નકલ તેમજ બી.યુ.સી મેળવેલ છે કે કેમ? તેની નકલ (૨) સતીશભાઈ બળવંતભાઈ અને એક અન્ય ત્રીજા ઘરનું બાંધકામ કરે છે. જે પ્લાન પાસ છે કે કેમ? તેની નકલ તથા બાંધકામ પ્લાન મુજબ થાય છે કે કેમ? (૩) આ વિસ્તારના આસી.ઈજનેર બાંધકામ વિભાગના હોય જેને છેલ્લા છ માસ દરમ્યાન કેટલી વખત આ વિસ્તારની મુલાકાત લીધી છે. અને તેની કામગીરીની વિગતની માહિતી બાબતે નિયત સમયમર્યાદામા કોઈપણ માહિતી ન મળવાના કારણે નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૭–૭–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૧૮ તા. ૧૮–૭–૦૮ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને આજ દિન સુધી કોઈ માહિતી કે વિગતો અત્રેના વિભાગને મળેલ નથી કે તેનો ઈન્કાર પણ કરેલ નથી.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૧૭–૬–૦૮ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડવામાં આવેલ નથી કે તેનો ઈન્કાર પણ કરવામાં આવેલ નથી. આથી અરજદારને જરૂર જણાયે આરટીઆઈ એકટની કલમ–૧૧ સહિતની કાયદા અને નિયમોની જોગવાઈને અનુસરી પૂરી પાડવા યોગ્ય માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે અરજદારને અત્રેની જાણ હેઠળ દિન–૭માં પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોનને જણાવવામાં આવે છે."

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૮ –૦૮.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***
(૧)ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી,રાંદેર ઝોન..... જાણ તથા અમલમાટે
(૨) શ્રી કેતનભાઈ બળદેવભાઈ પટેલ,